# દારૂની હેરાફેરીમાં ત્રણ ઝડપાયા : ૪૨.૩૪ લાખનો મુદ્દામાલ કબજે

## એલ.સી.બી. પોલીસે અડાલજ ટોલટેક્ષ અને પુન્દ્રાસણ માર્ગ પર દારૂ ભરેલી ટ્રક, સ્કોર્પીયો, મેકસ, અલ્ટો પકડી

ગાંધીનગર, તા.૩૧

દારૂના દૂષણને ડામવા એલ.સી.બી. પોલીસે આજે જિલ્લામાં વિવિધ ત્રણ ઠેકાણે રેઈડ કરી વિદેશી દારૂની ૨૨૮ બોટલો સહિત રૂ. ૪૨.૩૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ દરમિયાન પોલીસના હાથે ઝડપાયેલા ત્રણ આરોપીઓની પણ સઘન પૂછતાછ હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાંથી દારૂ-જુગારની બદીને નાબૂદ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેએ પોલીસ અધિકારીઓને બાતમીદારો પાસેથી માહિતી મેળવી હેરાફેર થતા દારૂના જથ્થાને પકડવા સૂચના આપી હતી. જે અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર તેમજ સ્ટાફના માણસોએ આજે મળેલી બાતમીના આધારે પુન્દ્રાસણ-તેહઆપરા માર્ગ પર સ્થિત જામનગરપરા પાટીયા પાસે રેઈડ કરી હતી. આ દરમિયાન પોલીસે ટ્રક નં. આર.જે. ૧૩-૧ જી-૯૩૬-માંથી વિદેશી દારૂની પેટી ૧૦૧ નંગ દારૂ ભરવા માટે આવેલ મહીન્દ્રા મેકસ નં. જીજે-૧૮ મેકસ ૯૩૬ જેમાં દારૂની પેટી નંગ-૨૭, મેકસ ગાડી નં. જીજે-૧૮ એ.બી. ૯૨૪ તેમજ અન્ય મેકસ ગાડી નં. જીજે-૧૬-વી ૯૫૯૨ આ બંને ગાડીમાંથી ૫૫ નંગ દારૂની પેટી દારૂ મળી આવ્યો હતો. ટ્રક તેમજ મહીન્દ્રા મેકસ ત્રણેય ગાડીઓમાંથી ૧૮૩ પેટી દારૂ કિંમત રૂ. ૬,૫૫,૨૦૦ સહિત ૨૪.૮૧ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો હતો. આ ઉપરાંત એલ.સી.બી. પોલીસની ટીમે અડાલજ-ટોલટેક્ષ પાસે પણ વોચ ગોઠવી સ્કોર્પીયો ગાડી નંબર જીજે-૧૮-એ.બી. ૮૦૮૧ માંથી વિદેશી દારૂની પેટી ૩૧ તેમજ દારૂની ૨૨ નંગ છુટી બોટલો સહિત રૂ. ૫.૧૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂના જથ્થા સાથે આરોપી પ્રકાશ ગોરધનજી રાજપૂત તેમજ આરોપી દિપક મોહનભાઈ હડીયાચી (રહે. અમદાવાદ હાટકેશ્વર) ને ઝડપી લીધા છે.

વધુમાં આ દરમિયાન અડાલજ ટોલટેક્ષ પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી અલ્ટો કાર પણ પોલીસે કબજે લીધી છે. કાર નં. જી.જે. ડબલ્યુ કે.સી. ૯૦૯માંથી વિદેશી દારૂની ૧૨ પેટી સહિત રૂ. ૨.૯૬ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. જયારે દારૂના જથ્થા સાથે આરોપી જાકીર હુસેન ગુલાબહુસેન શેખ (રહે.દિલ્હી ચકલા)ની ધરપકડ કરી હતી. વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ પેથાપુર અને અડાલજ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ‘ક’ માર્ગની ઝાડીમાં જુગાર રમતા ત્રણને પોલીસે પકડ્યા

ગાંધીનગર, તા. ૩૧

‘ક’ માર્ગ પર ખુલ્લી ઝાડીમાં જુગાર રમતા ત્રણ ઈસમોને સે. ૨૧ પોલીસે ઝડપી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી બે બાઈક સહિત રૂ. ૪૮,૯૮૦નો મુદ્દામાલ કબજે લીધો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૨૧ પોલીસે મળેલી બાતમીના આધારે આજે ક-માર્ગ પર સ્થિત ઝાડી વિસ્તારમાં રેઈડ કરી હતી. આ દરમિયાન પોલીસે તીનપત્તીનો જુગાર રમતા આરોપી ગૌતમ શંકરલાલ પટેલ (રહે. કોલવડા હરિકૃષ્ણ ટેનામેન્ટ), ઈન્દ્રજિતસિંહ દિપકસિંહ ઝાલા (રહે. કોલવડા) તેમજ આરોપી પ્રદિપસિંહ સેતાનસિંહ ચાવડા (રહે. સે. ૧૩-સી પ્લોટ નં. ૧૦૭૫/૨)ને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૫૪૮૦ રોકડ તેમજ ત્રણ મોબાઈલ અને બે બાઈક સહિત રૂ. ૪૮,૯૮૦નો મુદ્દામાલ કબજે લીધો છે. આ મામલે સે. ૨૧ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ છનાજીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## સી.એમ. હાઈસ્કૂલ અને જ્યોતિ મહિલા મંડળે કેદીઓને રાખડી મોકલી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત શેઠ સી. એલ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સેકટર-૨૩ ગાંધીનગર અને જ્યોતિ મહિલા મંડળ દ્વારા રક્ષાબંધન પર્વ નિમિતે રાજયની જેલમાં કારાવાસ ભોગવી રહેલા કેદીઓને રાખડી મોકલીને તેના ભેટ સ્વરૂપે સારા નાગરિક બની ફરીથી આવા ગુનાહિત કાર્યો ન કરવા હૃદયસ્પર્શી પત્ર જેલના કેદીઓને પાઠવેલ છે. આચાર્ય બી.કે. પટેલ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, પુષ્પાબેન મહેતા, જ્યોત્સનાબેન મણિયાર, રમીલાબેન મિસ્ત્રી હાજર રહ્યા હતા. શાળાની ૧૦૦૦થી વધુ બહેનોએ જેલના કેદીઓને આ પત્ર પાઠવી રક્ષાબંધન ઉજવેલ છે. સમગ્ર કાર્યનું સફળ સંચાલન જ્યોતિ મહિલા મંડળના સેક્રેટરી કુ. ચેતના બુચે કરેલ હતું. નટુભાઈ લાડાણી, અરૂણભાઈ બુચ, પ્રહલાદભાઈ પટેલ, હરિભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર ખાતે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ




ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત પછાત વર્ગ વિકાસ મંચ(ઈ-૫૫૫-ગાંધીનગર) તથા જિલ્લા નાયબ નિયામક ( વિકસતિ જાતિ) ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ સમાજ શિક્ષણ શિબીરનું આયોજન આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબીરને શિક્ષણ રાજય મંત્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજય મંત્રી શ્રી વાસણભાઈ આહીરના હસ્તે દીપ -ગટય કરી ખુલ્લી મુકવામાં આવી હતી.

આ સમાજ શિક્ષણ શિબીરમાં રાજય સરકારની વિવિધ યોજનઓ વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ -સંગે મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજીસ ઠાકોર અને ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેન શ્રી જયંતિભાઈ બારોટ ઉપસથિત રહયાં હતાં. અતિથિ વિશેષ પદે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેન શ્રી પુંજાજી ઠાકોર, ગુજરાત ગોપાલક વિકાસ નિગમના ચેરમેન શ્રી ડૉ. શ્રી સંજયભાઈ દેસાઈ અને ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના ડિરેકટર શ્રી ભગવાનદાસ પંચાલ ઉપસથિત રહયાં હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ મંચના -મુખ શ્રી જી.કે.-જાપતિ, મંત્રી શ્રી ગગજી ઠાકોર અને વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગરના નાયબ નિયામક શ્રી નરેન્દ્ર ગુરૂન્ગએ ભારે જહેમત ઉઠાવી હતી. આ શિબીરમાં બક્ષી-મંડલ જ્ઞાતિના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

## તળબૂચ ભરેલી ટ્રક અને કાર વચ્ચે ગંભીર અકસ્માત થતાં એક ઘાયલ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સાબરમતી બ્રીજ પર આજે સાંજે તળબૂચ ભરેલી એક ટ્રક અને કાર વચ્ચે અકસ્માત થયો હોવાની માહિતી મળી હતી. જે અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી આજે સાંજે ૪ વાગ્યાના સુમારે ગાંધીનગર ચિલોડા માર્ગ પર સાબરમતી બ્રીજ ઉપર એક તળબૂચ ભરેલી એક આઈસર ટ્રક પસાર થઈ રહી હતી. દરમિયાન ટ્રકના ચાલકે ટ્રક પરથી કાબુ ગુમાવતા સામેથી આવતી એક ફ્ન્ટીને જોરદાર ટક્કર મારી હતી. જેમાં એક યુવકનો હાથ અને પગે ગંભીર ફેક્ચર થવા પામ્યુ હતુ જેને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ મામલે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પંચશીલ પાર્ક સે. ૨૧ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સેક્ટર-૨૧માં આવેલા પંચશીલ પાર્કના વસાહતીઓની તાજેતરમાં અગત્યની બેઠક મળી હતી. જેમાં નવી કારોબારી તથા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પંચશીલ પાર્કના પ્રમુખ તરીકે મહેશસિંહ રાઓલની વસાહતીઓએ સર્વાનુમતે વરણી કરી હતી.

મહાષ્ટ્ર ભવન ખાતે પંચશીલ પાર્કના નિવાસીઓની તાજેતરમાં સામાન્ય સભા મળી હતી. જેમાં સભાના પ્રમુખ સી.પી. સોનીની અધ્યક્ષતામાં મંત્રી રમેશભાઈ આચાર્યએ ગત વર્ષનો અહેવાલ વાંચી વર્ષ દરમ્યાન દિવંગત થયેલાં સ્વજનોના માનમાં એક મિનિટ મૌન રખાવ્યું હતું. નવી કારોબારી તથા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે મહેશસિંહ રાઓલ અને મંત્રી તરીકે દિપકભાઈ પ્રજાપતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમારંભના પ્રમુખ સી.પી. સોનીએ અભિનંદન આપી સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યું હતું. સભામાં પંચશીલ પાર્કના પૂર્વ પ્રમુખ સર્વશ્રી શૈલેષભાઈ પંડ્યા, સિવકુમાર વર્મા, ભાસ્કરભાઈ રાવલ, ઉદયન પટેલ, ડી.વાય.એસ.પી. વસાવડાભાઈ તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓએ ચર્ચામાં ભાગ લઈ સોસાયટીના પ્રશ્નો અને ઉકેલમાં સુંદર સૂચનો કર્યા હતા. અશ્વિન દવેએ સૂચનો કરી સોસાયટીના નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા. નવા વરાયેલા પ્રમુખ મહેશસિંહ રાઓલે સૌના સહકારની અપેક્ષાએ તેમનામાં મુકેલા વિશ્વાસ બદલ સૌનો આભાર માન્યો હતો. અલ્પાહાર બાદ આભારવિધિ પૂર્વમંત્રી રમેશભાઈ આચાર્યએ કરી હતી.

# સ્નેહ સંબંધનો ઘૂઘવાતો સાગર એટલે લતાબેન

## છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી ગાંધીનગરમાં કાર્યરત લતાબેન ચોકસીએ સંબંધોના સથવારે સેવાની સુવાસ ઠેર ઠેર પ્રસરાવી છે

સંબંધ સજાવે જિંદગી

**સંબંધોનું શિખર**

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

સેવા સાથે સ્નેહના સમન્વય થકી મહિલાઓના કલ્યાણ ક્ષેત્રે દાયકાઓથી કાર્યરત જ્યોતિ મહિલા મંડળના લતાબેન ચોકસીનું નામ સમાજસેવાની વિરાંગનાઓમાં પ્રથમ હરોળમાં મુકવુ પડે. સમાજ સેવાની પ્રવૃત્તિઓની સાથે જ મહિલાઓના સામાજિક-આર્થિક વિકાસ માટેના તેમના પ્રયત્નો અનન્ય છે. ભિક્ષુક ગૃહની અર્ધપાગલ બહેન હોય કે કોઈ નિરાધાર મહિલા, તેના માટે અપાર સ્નેહ સંબંધથી જોડાતા લતાબેન ચોકસી વાત્સલ્યની મૂર્તિ બની રહ્યા છે.

જ્યોતિ મહિલા મંડળના સથવારે લતાબેન ચોકસીએ કરેલી પ્રવૃત્તિઓનું લીસ્ટ બનાવીએ તો પાના ખુટવા માંડે. અન્યો માટે કંઈક કરી છુટવાની ભાવના સાથે તેમણે આદરેલુ કાર્ય આજે દાયકાઓ બાદ પણ અવિરતપણે ચાલી રહ્યું છે. તેમના આ કાર્યકાળ દરમ્યાન કોઈને કોઈ સ્વરૂપે તેમની સાથે જોડાયેલી અસંખ્ય બહેનો માટે લતાબેન એક મિશાલરૂપ બની રહ્યા છે.

લતાબેન કહે છે કે



૪૨ વર્ષ અગાઉ અમે ગાંધીનગર આવ્યા ત્યારે સુરત શહેરમાં પુર આવ્યુ હતુ. આખા શહેરમાં પાણી ભરાઈ ગયું હતું. તે વખતે સેક્ટર-૨૨ની બહેનોએ ફૂડ પેકેટ બનાવી અને ઘરે ઘરેથી અનાજ-કપડાં ઉઘરાવી આખી ટ્રક સુરત મોકલી હતી. તે બનાવ પછી બહેનોએ ભેગા થઈ કંઈક રચનાત્મક પ્રવૃત્તિ કરવી જોઈએ તેવી મારી ભાવના સાથે અન્ય બહેનો જોડાતા જ્યોતિ મહિલા મંડળની રચના થઈ. બસ પછી તો લતાબેનને પાછળ વળીને જોવું જ નથી પડ્યું. ‘લોગ જુડતે ગયે, કારવાં બનતા ગયા’ના ન્યાયે જ્યોતિ મહિલા મંડળની પ્રવૃત્તિઓ વિસ્તરતી ગઈ. બોલવાની આગવી છટા, તેમનો ઉત્સાહ, કોઈપણ પ્રવૃત્તિ કરવા પાછળની તેમની ધગશ અને સંબંધો સાચવવાની તેમની આવડતના સથવારે તેમણે સેવાની એવી ધુણી ધખાવી કે આજે ચાર દાયકા બાદ જ્યોતિ મહિલા મંડળનું નામ સમાજ સેવા અને મહિલા કલ્યાણ ક્ષેત્રે અગ્રેસર બની રહ્યું છે. બહેનો માટે વાર-તહેવારે વિવિધ સ્પર્ધાઓના આયોજનથી શરૂઆત કરનાર જ્યોતિ મહિલા મંડળે તે પછી તો સહકારી સંસ્થા સ્થાપી બહેનોના હીત માટે ઘણા કામો કર્યા. સેક્ટર-૨૨ના શોપીંગ સેન્ટરમાં આ સહકારી મંડળીએ વર્ષો સુધી ખુબ સફળતાપૂર્વક ફ્લોરમીલ ચલાવી. નશાબંધીના કાર્યક્રમો સરકારના સહયોગથી ચલાવ્યા. વૃક્ષારોપણની પ્રવૃત્તિ તો વર્ષોથી જ્યોતિ મહિલા મંડળ કરે છે. ચોમાસુ બેસે તે સાથે જ શહેરમાં કયા સ્થળે વૃક્ષારોપણ કરી શકાય તેની માહિતી વન વિભાગ જ્યોતિ મહિલા મંડળને મોકલી આપતુ. બસ પછી તો લતાબેન અને તેમનું મહિલામંડળ વૃક્ષારોપણની પ્રવૃત્તિ પાછળ આખુ ચોમાસું જોતરાઈ જાય. મહિલાઓ દ્વારા ઉછેરવામાં આવેલા વૃક્ષોની બાબતમાં જ્યોતિ મહિલા મંડળ અગ્રેસર છે. તે માટેનો એવોર્ડ પણ તેમને મળ્યો છે. વૃક્ષોને રક્ષા બાંધવાથી લઈને જેલોમાં બંધ કેદીઓને રાખડીઓ મોકલવા સુધીની પ્રવૃત્તિ જ્યોતિ મહિલા મંડળ લતાબેનની આગેવાની હેઠળ કરે છે. હેલ્થ ચેક અપ કેમ્પ હોય કે સચિવાલયમાં નોકરી કરતી મહિલાઓના બાળકો માટેનું ઘોડિયાઘર, લતાબેન ચોકસી તેનુ સંચાલન ખુબ સુપેરે કરી જાણે છે. મહિલાઓ આર્થિક રીતે પગભર થાય તેવી પણ અનેક પ્રવૃત્તિઓ લતાબેને હાથ ધરી છે. ઉંમરના આઠ દાયકાની નજીક પહોંચેલા લતાબેનનો ઉત્સાહ તો યુવાનોને શરમાવે તેવો છે. છેલ્લા ૩૯ વર્ષથી મંડળ દ્વારા યોજાતી નવરાત્રિમાં લતાબેનને ગરબા લેતાં જુઓ તો અદમ્ય ઉત્સાહ આવી જાય. દહેજ નાબુદી, મહિલા કાનૂની શિબિર, વિવિધ સ્પર્ધાઓ, આપાતકાલિન સમયમાં રાહત પહોંચાડવી, હેલ્થ ચેકઅપ કેમ્પ... ઓ હો હો... કેટલી પ્રવૃત્તિઓ લગાવવી જેમાં લતાબેન અને જ્યોતિ મહિલા મંડળ સંકળાયેલુ ન હોય.

ડભોડા ભિક્ષુક ગૃહની મહિલાઓ માટે તો લતાબેનને વિશેષ લાગણી છે. તેમના માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજવા જેવી અનેક પ્રવૃત્તિઓ તેઓ શહેરના તબીબોના સાથ-સહકારથી યોજે છે. તેઓ કહે છે કે આટલી બધી પ્રવૃત્તિઓ એક સાથે ચાલતી હોય ત્યારે ઘણીવાર મારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. પરંતુ તે બધી જ મુશ્કેલીઓમાંથી બહાર આવવાનો માર્ગ મને મંડળની બહેનો અને શહેરના શ્રેષ્ઠીઓના સાથ-સહકારથી પ્રાપ્ત થયો છે. તેમનો આભાર માનુ તેટલો ઓછો છે. તેમનું ઋણ કેવી રીતે ચુકવાશે...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૯૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦, ૭.૦૦

બોલ બચ્ચન : ૧૨.૪૫

કૉકટેલ : ૪.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ગટ્ટુ : ૧૦.૦૦

કૉકટેલ : ૧૧.૩૦, ૧૦.૧૫

બોલ બચ્ચન : ૨.૧૫, ૭.૧૫

આલાપ : ૫.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હૈ હમ : ૯.૦૦, ૧.૩૦, ૧૦.૧૫

આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૬.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૨ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૯.૩૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

બોલ બચ્ચન : ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૦૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૭.૧૫

: સ્ક્રીન-૪ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૩૦

કૉકટેલ : ૧.૧૫, ૭.૦૫

ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા યોગેશભાઈ દવે, ૬૬૭/૨, સેકટર-૩/સી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા અશ્વિનભાઈ મહેતા, બ્લોક નં. ૨૭૧/એફ-૨, અભિમન્યું એપાર્ટમેન્ટ, સેકટર-૨૯ ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી વિવિધ મોમેન્ટોના હિંડોળા.

## આપની આજ

**મેષ** : પ્રિય વ્યક્તિથી ભેટ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયના કાર્યોમાં ઉન્નતિ થશે.સ્ફૂર્તિ અને જોશમાં વધારો થશે. ધર્મ તરફ ઝોક બની રહેશે.

**વૃષભ** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે. માન- સન્માન પ્રાપ્ત થશે.

**મિથુન** : તમારી બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કોર્ટ- કચેરીની બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : નવા સંબંધો બંધાશે. જૂના મિત્રો અને સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. સત્સંગમાં ભાગ લેવાનું બની શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી હીતકારી છે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. નવા સંબંધો બની શકે છે. કુટુંબીજનો સાથે મતભેદ નથાય તેની કાળજી રાખવી.

**કન્યા** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિકક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનું આયોજન તથા તેમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**તુલા** : સામાજિકક્ષેત્રોમાં પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો થઈ શકશે. કલાત્મક કાર્યો થશે.

**વૃશ્ચિક** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થશે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થવાની સંભાવનાઓ છે.

**ધન** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભ થવાની શક્યતાઓ છે. કુટુંબીજનો સાથે ધાર્મિક યાત્રાનો થઈ શકશે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મકર** : અટવાયેલા નાણાં પરત મળવાની સંભાવનાઓ પ્રબળ બની રહી છે. કૌટુંબિક ચિંતાઓ હળવી બનશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવનાઓ છે.

**કુંભ** : વાહન- જમીન- સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે. વ્યાપારમાં વિસ્તાક હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકે છે. શિક્ષણ સાથે જોડાયેલાઓ માટે ગહન શોધ કાર્ય પૂર્ણ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. સવિતાબેન અંબાલાલ પટેલ (ઉ.વ. ૮૫) મુ. પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંગળદાસ શિવરામ વણકર (ઉ.વ. ૭૬) બ્લોક નં. ૮૪૧ આદર્શનગર, સેકટર-૨૪ ગાંધીનગર.
- સ્વ. બાબુજી સોમાજી સોલંકી (ઉ.વ. ૫૨) મુ. પો. વજાપુર, તા., જિ. ગાંધીનગર.